બંભં ઉવસંપજ્જામિ
અકપ્પં પરિયાણામિ
કપ્પં ઉવસંપજ્જામિ
અન્નાણં પરિયાણામિ
નાણં ઉવસંપજ્જામિ
અકિરિયં પરિયાણામિ
કિરિયં ઉવસંપજ્જામિ
મિચ્છત્તં પરિયાણામિ
સમ્મત્તં ઉવસંપજ્જામિ
અબોહિં પરિયાણામિ
બોહિં ઉવસંપજ્જામિ
અમગ્ગં પરિયાણામિ
મગ્ગં ઉવસંપજ્જામિ
જં સંભરામિ
જં ચ ન સંભરામિ
જં પડિક્કમામિ
જં ચ ન પડિક્કમામિ
તસ્સ સવ્વસ્સ
દેવસિયસ્સ+
અઈયારસ્સ
પડિક્કમામિ
સમણોઽહં
સંજય
વિરય

+ યથાકાળ પ્રતિક્રમણમાં (૧) રાઈયસ્સ, (૨) પક્ખિયસ્સ, (૩) ચાઉમાસ્સિયસ્સ (૪) સંવચ્છરિયસ્સ બોલવું.

પડિહય
પચ્ચક્ખાય
પાવકમ્મો
અનિયાણો
દિટ્ઠિ સંપન્નો
માયામોસો વિવજ્જિઓ
અઢ્ઢાઈજ્જેસુ દીવ સમુદ્દેસુ
પન્નરસ કમ્મભૂમીસુ
જાવંતિ
કેઈ
સાહૂ
રયહરણ ગુચ્છગ પડિગ્ગહધારા
પંચ મહવ્વય ધારા
અઢ્ઢારસ સહસ્સ સીલંગ રહધારા
અક્ખય આયાર ચરિત્તા
તે સવ્વે
સિરસા
મણસા
મત્થએણ વંદામિ

ઈતિ અતિચાર આલોવ્યા, પડિક્કમ્યા, નિંદ્યા, નિઃશલ્ય થયા. વિશેષે વિશેષે અરિહંત, સિદ્ધ, કેવલી, ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ-સાધ્વી, ગુર્વાદિકને ભુજો ભુજો કરી ખમાવું છું.

(વિધિ - ખામણાની આજ્ઞા માંગીને, એમ બોલીને).


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ ૨૮ : પહેલા ખામણા

## (અરિહંત ભગવંતોને)

(**ખામણાની વિધિ** : ભૂમિ ઉપર બંને ગોઠણ ઢાળી, બંને હાથની કોણીઓ નાભિએ અડાડીને રાખવી તથા બંને હાથ જોડી રાખી સ્થિર ચિત્તે ખામણા બોલવા.)

**પહેલા ખામણા પંચ મહાવિદેહ ક્ષેત્રને વિશે જયવંતા તીર્થંકર દેવ બિરાજે છે, તેઓને કરું છું. તે સ્વામીના ગુણગ્રામ કરતાં જઘન્ય રસ ઊપજે તો કર્મની ક્રોડો કર્મ ખપે, અને ઉત્કૃષ્ટ રસ ઊપજે, તો આ જીવ તીર્થંકર નામગોત્ર ઉપાર્જે. હાલ બિરાજતા વીસ તીર્થંકરોનાં નામ કહું છું :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહેલાં | શ્રી સીમંધર | સ્વામી | અગિયારમા | શ્રી વજ્રધર | સ્વામી |
| બીજા | શ્રી જુગમંદિર | સ્વામી | બારમા | શ્રી ચન્દ્રાનન | સ્વામી |
| ત્રીજા | શ્રી બાહુ | સ્વામી | તેરમા | શ્રી ચંદ્રબાહુ | સ્વામી |
| ચોથા | શ્રી સુબાહુ | સ્વામી | ચૌદમા | શ્રી ભુજંગદેવ | સ્વામી |
| પાંચમા | શ્રી સુજાતનાથ | સ્વામી | પંદરમા | શ્રી ઈશ્વર | સ્વામી |
| છટ્ઠા | શ્રી સ્વયંપ્રભ | સ્વામી | સોળમા | શ્રી નેમપ્રભ | સ્વામી |
| સાતમા | શ્રી ઋષભાનન | સ્વામી | સત્તરમા | શ્રી વીરસેન | સ્વામી |
| આઠમા | શ્રી અનંતવીર્ય | સ્વામી | અઢારમા | શ્રી મહાભદ્ર | સ્વામી |
| નવમા | શ્રી સૂરપ્રભ | સ્વામી | ઓગણીસમા | શ્રી દેવજશ | સ્વામી |
| દશમા | શ્રી વિશાલપ્રભ | સ્વામી | વીસમા | શ્રી અજિતસેન | સ્વામી |

**એ જઘન્ય તીર્થંકર ૨૦ અને ઉત્કૃષ્ટ હોય, તો ૧૬૦ (અથવા ૧૭૦) તેઓને મારી (તમારી) સમય સમયની વંદના હોજો.**

**તે સ્વામીનાથ કેવા છે ? મારા-તમારા મન - મનની વાત જાણી-દેખી રહ્યા છે, ઘટઘટની વાત જાણી-દેખી રહ્યા છે. સમય સમયની વાત જાણી-દેખી રહ્યા છે. ચૌદ રાજલોક અંજલિ જલ પ્રમાણે જાણી-દેખી રહ્યા છે. તે સ્વામીને અનંત જ્ઞાન છે,**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત તપ છે, અનંત ધૈર્ય છે અને અનંત વીર્ય છે, એ ષટ્ ગુણે કરી સહિત છે. ચોત્રીસ અતિશયે કરી બિરાજમાન છે. પાંત્રીસ પ્રકારની સત્ય વચન વાણીના ગુણે કરી સહિત છે. એક હજારને અષ્ટ ઉત્તમ લક્ષણે કરી સહિત છે. અઢાર દોષરહિત છે. બાર ગુણે કરી સહિત છે. ચાર કર્મ ઘનઘાતી ક્ષય કર્યા છે. બાકીનાં ચાર કર્મ

પાતળાં પાડ્યાં છે. મુક્તિ જવાના કામી થકા વિચરે છે. ભવ્ય જીવોના સંદેહ ભાંગે છે. સજોગી, સશરીરી, કેવલજ્ઞાની-કેવલદર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે. ક્ષાયિક સમકિત, શુક્લ ધ્યાન, શુક્લ લેશ્યા, શુભ ધ્યાન, શુભ જોગ, ૬૪ ઈન્દ્રોના પૂજનિક, વંદનિક, અર્ચનિક છે. પંડિત વીર્ય આદિ અનંતગુણે કરી સહિત છે.

ધન્ય તે ગ્રામ, નગર, રાયહાણી, પુર, પાટણ જ્યાં જ્યાં પ્રભુ દેશના દેતા થકા વિચરતા હશે, ત્યાં ત્યાં રાઈસર, તલવર, માડંબિય, કોડુંબિય, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે તેમને ધન્ય છે, સ્વામીનાં દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે, અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે, તેમને પણ ધન્ય છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી પંચ મહાવિદેહ ક્ષેત્રને વિશે બિરાજો છો. હું અપરાધી, દીન કિંકર, ગુણહીન, અહીં બેઠો છું. આપના કેવળ જ્ઞાન, કેવળ દર્શન, યથાખ્યાત ચારિત્ર અને તપને વિશે અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો-ભુજો કરી ખમાવું છું.

(વિધિ : 'વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ' સુધીનો પાઠ મસ્તક નમાવી ત્રણ વાર બોલવો.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ ૨૯ : બીજા ખામણા

## (સિદ્ધ ભગવંતોને)

બીજા ખામણા અનંતા સિદ્ધ ભગવંતોને કરું છું. એ ભગવંતોના ગુણગ્રામ કરતા જઘન્ય રસ ઊપજે તો ક્રોડો કર્મ ખપે અને ઉત્કૃષ્ટ રસ ઊપજે, તો આ જીવ તીર્થંકર નામગોત્ર ઉપાર્જે. આ ભરતક્ષેત્રને વિશે ચોવીસ તીર્થંકરો સિદ્ધ થયા. તેમનાં નામ કહું છું :

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહેલા | શ્રી ઋષભદેવ | સ્વામી | તેરમા | શ્રી વિમલનાથ | સ્વામી |
| બીજા | શ્રી અજિતનાથ | સ્વામી | ચૌદમા | શ્રી અનંતનાથ | સ્વામી |
| ત્રીજા | શ્રી સંભવનાથ | સ્વામી | પંદરમા | શ્રી ધર્મનાથ | સ્વામી |
| ચોથા | શ્રી અભિનંદન | સ્વામી | સોળમા | શ્રી શાંતિનાથ | સ્વામી |
| પાચમા | શ્રી સુમતિનાથ | સ્વામી | સત્તરમા | શ્રી કુંથુંનાથ | સ્વામી |
| છટ્ઠા | શ્રી પદ્મપ્રભ | સ્વામી | અઢારમા | શ્રી અરનાથ | સ્વામી |
| સાતમા | શ્રી સુપાર્શ્વનાથ | સ્વામી | ઓગણીસમા | શ્રી મલ્લિનાથ | સ્વામી |
| આઠમા | શ્રી ચંદ્રપ્રભ | સ્વામી | વીસમા | શ્રી મુનિસુવ્રત | સ્વામી |
| નવમા | શ્રી સુવિધિનાથ | સ્વામી | એકવીસમા | શ્રી નમિનાથ | સ્વામી |
| દશમા | શ્રી શીતલનાથ | સ્વામી | બાવીસમા | શ્રી નેમિનાથ | સ્વામી |
| અગિયારમા | શ્રી શ્રેયાંસનાથ | સ્વામી | ત્રેવીસમા | શ્રી પાર્શ્વનાથ | સ્વામી |
| બારમા | શ્રી વાસુપૂજ્ય | સ્વામી | ચોવીસમા | શ્રી વીર વર્ધમાન મહાવીર | સ્વામી |

એ એક ચોવીશી, અનંત ચોવીશી પંદર ભેદે સીઝી, બુઝી, આઠ કર્મ ક્ષય કરી મોક્ષે પધાર્યા છે, તેમને મારી-તમારી સમય સમયની વંદના હોજો, આઠ કર્મનાં નામ પહેલું જ્ઞાનાવરણીય, બીજું દર્શનાવરણીય, ત્રીજું વેદનીય, ચોથું મોહનીય, પાંચમું આયુષ્ય, છઠ્ઠું નામ, સાતમું ગોત્ર આઠમું અંતરાય. એ આઠ કર્મ ક્ષય કરી, મુક્તિશીલાએ પહોંચ્યા છે. તે મુક્તિશીલા ક્યાં છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમપૃથ્વીથી ૭૯૦ જોજન ઊંચપણે તારા મંડળ આવે. ત્યાંથી દસ જોજન ઊંચપણે સૂર્યનું વિમાન છે. ત્યાંથી ૮૦ જોજન ઊંચપણે ચંદ્રનું વિમાન છે. ત્યાંથી ચાર જોજન ઊંચપણે નક્ષત્રનાં વિમાન છે. ત્યાંથી ચાર જોજન ઊંચપણે બુધનો તારો છે. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે શુક્રનો તારો છે. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે બૃહસ્પતિ(ગુરુ)નો તારો છે. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે મંગળનો તારો છે. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે છેલ્લો શનિશ્ચરનો તારો છે. એમ નવસો જોજન સુધી જ્યોતિષ ચક્ર છે.

ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા-ક્રોડી ઊંચપણે બાર દેવલોક આવે છે. તેનાં નામ : પહેલું સુધર્મ બીજું ઈશાન ત્રીજું સનત્કુમાર ચોથું માહેન્દ્ર પાંચમું બ્રહ્મલોક છઠ્ઠું લાંતક સાતમું મહાશુક્ર આઠમું સહસ્રાર નવમું આણત દશમું પ્રાણત અગિયારમું આરણ અને બારમું અચ્યુત. ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા-ક્રોડી ઊંચપણે ચડીએ ત્યારે નવ ગ્રૈવેયક આવે છે. તેનાં નામ : પહેલી ભદ્દે, બીજી સુભદ્દે, ત્રીજી સુજાએ, ચોથી સુમાણસે, પાંચમી પ્રિયદંસણે, છટ્ઠી સુદંસણે, સાતમી આમોહે, આઠમી સુપડિબદ્ધે અને નવમી જસોધરે. તેમાં ત્રણ ત્રિક છે. પહેલી ત્રિકમાં ૧૧૧ વિમાન છે. બીજી ત્રિકમાં ૧૦૭ અને ત્રીજી ત્રિકમાં ૧૦૦ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા-ક્રોડી ઊંચપણે ચડીએ, ત્યારે પાંચ અનુત્તર વિમાન આવે છે. તેનાં નામ : પહેલું વિજય, બીજું વિજયંત, ત્રીજું જયંત, ચોથું અપરાજિત અને પાંચમું સર્વાર્થસિદ્ધ.

આ સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી બાર જોજન ઊંચપણે મુક્તિશીલા છે, તે મુક્તિશીલા કેવી છે ? પિસ્તાલીસ લાખ જોજનની લાંબી-પહોળી છે. મધ્યે આઠ જોજનની જાડી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ઊતરતાં છેડે માખીની પાંખ કરતાં પણ પાતળી છે. ઉજળી, ગોખીર, શંખ, ચંદ્ર, અંકરત્ન, રૂપાનો પટ, મોતીનો હાર અને ક્ષીર સાગરના પાણી થકી પણ અધિક ઉજળી છે.

એ સિદ્ધશીલા ઉપર એક જોજન, એના છેલ્લા ગાઉના છટ્ઠા ભાગને વિશે શ્રી સિદ્ધ ભગવંતજી નિરંજન, નિરાકાર બિરાજી રહ્યા છે. તે ભગવંતજી કેવા છે ? અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, અવિનાશી, ભૂખ નહિ, દુઃખ નહિ, રોગ નહિ, શોક નહિ, જન્મ નહિ, જરા નહિ, મરણ નહિ, કાયા નહિ, કર્મ નહિ, અનંત અનંત આત્મિક સુખની લહેરમાં બિરાજી રહ્યા છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી સિદ્ધક્ષેત્રને વિશે બિરાજો છો. હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આપના અનંત જ્ઞાન, દર્શન ઉપયોગ સંબંધી અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.

(વિધિ : 'વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ' - આ પાઠ ત્રણ વાર બોલવો.)

## પાઠ ૩૦ : ત્રીજા ખામણા

### (કેવલી ભગવંતોને)

ત્રીજા ખામણા પંચ મહાવિદેહ ક્ષેત્રને વિશે બિરાજતા જયવંતા કેવલી ભગવંતોને કરું છું. તે સ્વામી જઘન્ય હોય, તો બે ક્રોડ કેવલી અને ઉત્કૃષ્ટ હોય, તો નવ ક્રોડ કેવલી, એ સર્વને મારી (તમારી) સમય સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે ? મારા તમારા મન-મનની વાત જાણી દેખી રહ્યા છે. ઘટ ઘટની વાત જાણી દેખી રહ્યા છે. સમય


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયની વાત જાણી દેખી રહ્યા છે. ચૌદ રાજલોક અંજલિ જલ પ્રમાણે જાણી દેખી રહ્યા છે. તેમને અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત તપ છે, અનંત ધૈર્ય છે, અનંત વીર્ય છે. એ ષટ્ ગુણે કરી સહિત છે. ચાર કર્મ ઘનઘાતી ક્ષય કર્યાં છે, બાકીનાં ચાર કર્મ પાતળાં પાડ્યાં છે. મુક્તિ જવાના કામી થકા વિચરે છે. ભવ્ય જીવોના સંદેહ ભાંગે છે. સજોગી સશરીરી, કેવલજ્ઞાની, કેવલદર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે. ક્ષાયિક સમકિત શુક્લ ધ્યાન, શુક્લ લેશ્યા, શુભ ધ્યાન, શુભ જોગ, પંડિત વીર્ય આદિ અનંત ગુણે કરી સહિત છે.

ધન્ય તે સ્વામી ! ગામ, નગર, રાયહાણી પુર, પાટણને વિશે જ્યાં જ્યાં દેશના દેતાં થકા વિચરતાં હશે, ત્યાં ત્યાં રાઈસર, તલવર, માડંબિય, કોડુંબિય, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે, સ્વામીનાં દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે, સ્વામીને અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે, તેમને પણ ધન્ય છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી પંચ મહાવિદેહ ક્ષેત્રને વિશે બિરાજો છો, હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આપનાં કેવળ જ્ઞાન, કેવળ દર્શન, યથાખ્યાત ચારિત્ર અને તપને વિશે અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.

(વિધિ : 'વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ' - આ પાઠ ત્રણ વાર બોલવો.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ ૩૧ : ચોથા ખામણા

(ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજીને)

ચોથા ખામણા ગણધરજી આચાર્યજી ઉપાધ્યાયજીને કરું છું. ગણધરજી બાવન ગુણે કરી સહિત છે. આચાર્યજી છત્રીસ ગુણે કરી સહિત છે. ઉપાધ્યાયજી પચ્ચીસ ગુણે કરી સહિત છે. મારા-તમારા ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મ ઉપદેશના દાતાર, પંડિતરાજ, મુનિરાજ, ગીતાર્થ બહુસૂત્રી, સૂત્ર સિદ્ધાંતના પારગામી, તરણતારણ તારણી નાવા સમાન, સફરી જહાજ સમાન, રત્નચિંતામણિ સમાન, પારસમણિ સમાન, જિનશાસનના શણગાર, ધર્મના મુખી, ધર્મના નાયક, સંઘના મુખી, સંઘના નાયક, એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન હતા પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ, પૂજ્ય શ્રી જશાજી મહારાજ સાહેબ, પૂજ્ય શ્રી પુરુષોત્તમજી મહારાજ સાહેબ, પૂજ્ય શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબ આદિ લઈને ઘણા ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી. આલોવી, પડિક્કમિ નિન્દી નિઃશલ્ય થઈને, પ્રાયઃ દેવલોકે પધાર્યા છે, તેમનો ઘણો ઘણો ઉપકાર છે.

આજ વર્તમાનકાળે તરણ તારણ તારણી નાવા સમાન; સફરી જહાજ સમાન, રત્ન ચિંતામણિ સમાન, કલ્પવૃક્ષ સમાન, જિનશાસનના શણગાર, ધર્મના મુખી, ધર્મના નાયક, સંઘના મુખી, સંઘના નાયક એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન પૂજ્ય શ્રી★.............. આદિ ઘણાં ઘણાં સાધુ-સાધ્વીજીઓ વીતરાગ દેવની આજ્ઞામાં જ્યાં જ્યાં બિરાજતાં હોય, ત્યાં ત્યાં તેઓને મારી તમારી સમય સમયની વંદના હોજો.

---

★ પોતાના ઉપકારી તથા બિરાજીત સંત-સતીજીઓનાં નામ બોલવાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સ્વામી કેવા છે ? શુદ્ધ પંચ મહાવ્રતના પાલણહાર છે, પાંચ સમિતિએ અને ત્રણ ગુપ્તિએ સહિત, છકાયના પિયર, છકાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશ વિધ યતિ ધર્મના અજવાલિક, બાર ભેદે તપશ્ચર્યાના કરણહાર, સત્તાર ભેદે સંયમના ધરણહાર, બાવીસ પરિષહના જિતણહાર, સત્તાવીસ સાધુજીના ગુણે કરી સહિત, ૪૨-૪૭-૯૬ દોષરહિત આહાર પાણીના લેવણહાર, બાવન અનાચારના ટાલણહાર, સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન-કામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, સમતાના સાગર, દયાના આગર આદિ અનેક ગુણે કરી સહિત છે.

ધન્ય મહારાજ ! આપશ્રી ગામ, નગર, રાયહાણી પુર, પાટણને વિશે બિરાજો છો, હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આજના દિવસ સંબંધી આપનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિશે અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.

(વિધિ : 'વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જૂવાસામિ' - આ પાઠ ત્રણ વાર બોલવો.)

## પાઠ ૩૨ : પાંચમા ખામણા

### (સાધુ-સાધ્વીજીઓને)

પાંચમા ખામણા પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ; એ અઢીદ્વીપ ક્ષેત્રને વિશે બિરાજતાં સાધુ-સાધ્વીજીઓને કરું છું. તેઓ જઘન્ય હોય તો બે હજાર ક્રોડ અને ઉત્કૃષ્ટ હોય,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો નવ હજાર ક્રોડ સાધુ-સાધ્વીજી તેમને મારી - તમારી સમય સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે ! પાંચ મહાવ્રતના પાલણહાર છે. પાંચ સમિતિએ અને ત્રણ ગુપ્તિએ સહિત, છ કાયના પિયર, છ કાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશ વિધ યતિ ધર્મના અજવાલિક, બાર ભેદે તપશ્ચર્યાના કરણહાર, સત્તર ભેદે સંયમના ધરણહાર, બાવીસ પરિષહના જિતણહાર, સત્તાવીસ સાધુજીના ગુણે કરી સહિત, ૪૨-૪૭-૯૬ દોષરહિત આહાર-પાણીના લેવણહાર, બાવન અનાચારના ટાલણહાર, સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન-કામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, સમતાના સાગર, દયાના આગર આદિ અનેક ગુણે કરી સહિત છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી ગામ, નગર, રાયહાણી, પુર, પાટણને વિશે બિરાજો છો. હું અપરાધી, દિન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આપનાં જ્ઞાન, દર્શન ચારિત્ર, તપને વિશે અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું.

(વિધિ : 'વંદામિ, નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ.' - આ પાઠ ત્રણ વાર બોલવો.)

(વિધિ : અહીં સાધુ-સાધ્વીજી બિરાજતાં હોય, તો તેમની પાસે જઈ નીચેની ગાથા બોલી ત્રણ વખત વિધિપૂર્વક વંદના કરવી.)

"સાધુ વંદે તે સુખીયા થાય, ભવો ભવનાં પાતક જાય
ભાવ ધરીને વંદે જેહ, વહેલા મુક્તિમાં જાશે તેહ."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પાઠ ૩૩ : છઠ્ઠા ખામણા

(શ્રાવક-શ્રાવિકાજીઓને)

છઠ્ઠા ખામણા અઢીદ્વીપ માંહેના સંખ્યાતા, અઢીદ્વીપ બહાર અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકાજીઓને કરું છું. તે શ્રાવક-શ્રાવિકાઓ કેવાં છે ?

હું થી, તમથી દાને, શીલે, તપે, ભાવે ગુણે કરી અધિક છે. બે વખત આવશ્યક પ્રતિક્રમણના કરનાર છે. મહિનામાં બે, ચાર અને છ પૌષધના કરનાર છે. સમકિત સહિત શ્રાવકના બાર વ્રતધારી, અગિયાર પડિમાના સેવણહાર છે. ત્રણ મનોરથના ચિંતવનાર છે. દુબળા-પાતળા જીવની દયાના આણનાર છે, જીવ, અજીવ આદિ નવ તત્ત્વના જાણનાર છે. શ્રાવકજીનાં એકવીસ ગુણે સહિત છે. પર ધન પથ્થર બરાબર લેખે છે. પર સ્ત્રી માત-બહેન સમાન લેખે છે. દૃઢધર્મી, પ્રિયધર્મી, દેવતાના ડગાવ્યા ડગે નહિ એવા છે. ધર્મનો રંગ હાડ હાડની મજ્જાએ લાગ્યો છે. એવાં શ્રાવક-શ્રાવિકાજી સંવર, પૌષધ, પ્રતિક્રમણમાં બિરાજતાં હશે, તેમને ધન્ય છે. તેમનો અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય, તો હાથ જોડી, મસ્તક નમાવી, ભુજો ભુજો કરી ખમાવું છું.

સાધુ-સાધ્વીજીઓને વાંદું છું. શ્રાવક-શ્રાવિકાઓને ખમાવું છું. સમકિત દૃષ્ટિ જીવોને ખમાવું છું. ઉપકારી ભાઈ-બહેનોને ખમાવું છું, તથા ચોરાશી લાખ જીવાયોનિના જીવોને ખમાવું છું :

## ચોરાશી લાખ જીવાયોનિ સૂત્ર

સાત લાખ પૃથ્વીકાય
સાત લાખ અપ્‌કાય
સાત લાખ તેઉકાય
સાત લાખ વાઉકાય
દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય
ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય
બે લાખ બેઈન્દ્રિય
બે લાખ તેઈન્દ્રિય
બે લાખ ચૌરેન્દ્રિય
ચાર લાખ નારકી
ચાર લાંખ દેવતા
ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય
ચૌદ લાખ મનુષ્યની જાતિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ચોરાશી લાખ જીવાયોનિના જીવોને મારા જીવે, તમારા જીવે હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં, જાણતાં-અજાણતાં, હણ્યા હોય, હણાવ્યા હોય, છેદ્યા હોય, ભેદ્યા હોય, પરિતાપના-કિલામના ઉપજાવી હોય, તો અરિહંત, અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

## પાઠ ૩૪ : ક્ષમાપના સૂત્ર

(अनुष्टुप् छंद)

खामेमि सव्वे जीवा, सव्वे जीवा वि खमन्तु मे ।
मित्ती मे सव्वभूएसु, वेर मज्झं न केणई ॥१॥

(आर्या छंद)

एवमहं आलोइय, निंदिय गरहिय-दुगंछियं सम्मं ।
तिविहेणं पडिक्कंतो, वन्दामि जिणे चउव्वीसं ॥२॥

ઈતિ અતિચાર આલોવ્યા, પડિક્કમ્યા, નિંદ્યા, નિઃશલ્ય થયા. વિશેષ અરિહંત, સિદ્ધ, કેવલી, ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ, સાધ્વી, ગુર્વાદિકને ભુજો-ભુજો કરી ખમાવું છું.

## ઇચ્છામિ ખમાસમણો...

(વિધિ : આ પાઠ ઊભડક આસને બે વાર બોલવો.)

| | |
|---|---|
| ઈચ્છામિ | મે |
| ખમાસમણો | મિઉગ્ગહં |
| વંદિઉં | નિસીહિ |
| જાવણિજ્જાએ | અહો કાયં |
| નિસીહિયાએ | કાય સંફાસં |
| અણુજાણહ | ખમણિજ્જો |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભે કિલામો
અપ્પ કિલંતાણં
બહુ સુભેણં
ભે દિવસો★
વઇક્કંતો ?
જત્તા ભે ?
જવણિજ્જં
ચ ભે ?
ખામેમિ
ખમાસમણો !
દેવસિયં×
વઇક્કમં
આવસ્સિયાએ
પડિક્કમામિ
ખમાસમણાણં
દેવસિયાએ*
આસાયણાએ
તિત્તીસન્નયરાએ

જં કિંચિ
મિચ્છાએ
મણ દુક્કડાએ
વય દુક્કડાએ
કાય દુક્કડાએ
કોહાએ માણાએ
માયાએ લોહાએ
સવ્વ કાલિયાએ
સવ્વ મિચ્છોવયારાએ
સવ્વ ધમ્માઇક્કમણાએ
આસાયણાએ
જો મે
દેવસિઓ+
અઇયારો કઓ
તસ્સ ખમાસમણો
પડિક્કમામિ નિંદામિ
ગરિહામિ અપ્પાણં વોસિરામિ

---

★ યથાકાળ પ્રતિક્રમણમાં (૧) 'રાઇ વઇક્કંતા' (૨) 'પક્ખો વઇક્કંતો' (૩) 'ચાઉમ્માસિઓ વઇક્કંતો' (૪) 'સંવચ્છરો વઇક્કંતો' બોલવું.

× યથાકાળ પ્રતિક્રમણમાં (૧) રાઇયં (૨) પક્ખિયં (૩) ચાઉમ્માસિયં અને (૪) સંવચ્છરિયં બોલવું.

* પ્રતિક્રમણમાં 'રાઇયાએ' 'પક્ખિયાએ' 'ચાઉમ્માસિયાએ' 'સંવચ્છરિયાએ' બોલવું.

+ યથાકાળ પ્રતિક્રમણમાં (૧) રાઇઓ (૨) પક્ખિઓ (૩) ચાઉમ્માસિઓ અને (૪) સંવચ્છરિઓ બોલવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસંથો બે, વંદના ત્રણ અને પ્રતિક્રમણ ચાર. આ ચાર આવશ્યક પૂરાં થયાં. એને વિશે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડું પદ, અક્ષર, ગાથા, સૂત્ર ઓછું, અધિક વિપરીત ભણાયું હોય, તો અરિહંત, અનંત, સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

## પાંચમો કાઉસગ્ગ* આવશ્યક

(વિધિ : અહીં ઊભા થઈને વિધિપૂર્વક ત્રણ વંદના કરી **'પાંચમા આવશ્યકની આજ્ઞા'** એમ બોલીને માંગવી.)

### પાઠ ૩૫ : વિશુદ્ધિ સૂત્ર

દેવસિય
પાયચ્છિત્ત
વિશુદ્ધનાર્થં
કરેમિ
કાઉસગ્ગં

### નમસ્કાર મંત્ર

**નમો અરિહંતાણં નમો સિદ્ધાણં નમો આયરિયાણં**
**નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વ સાહૂણં**

### કરેમિ ભંતે ! સૂત્ર

કરેમિ ભંતે !
સામાઇયં
સાવજ્જં જોગં
પચ્ચક્ખામિ
જાવ નિયમં
પજ્જુવાસામિ

---

* પક્ખી પ્રતિક્રમણમાં ૮ અથવા ૧૨ લોગસ્સ, ચૌમાસી પ્રતિક્રમણમાં ૧૨ અથવા ૨૦ લોગસ્સ, સંવત્સરી પ્રતિક્રમણમાં ૨૦ અથવા ૪૦ લોગસ્સ આ રીતે કાઉસ્સગ્ગ કરવો. દરરોજ દેવસિય તથા રાઇય પ્રતિક્રમણમાં ચાર લોગસ્સ અથવા ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ કરવાની પરંપરા પણ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુવિહં તિવિહેણં
ન કરેમિ
ન કારવેમિ
મણસા - વયસા - કાયસા
તસ્સ ભંતે !
પડિક્કમામિ
નિંદામિ
ગરિહામિ
અપ્પાણં વોસિરામિ

## ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગ સૂત્ર

ઈચ્છામિ ઠામિ
કાઉસગ્ગં
જો મે દેવસિઓ×
અઈયારો
કઓ
કાઈઓ
વાઈઓ
માણસિઓ
ઉસ્સુત્તો
ઉમ્મગ્ગો
અકપ્પો
અકરણિજ્જો
દુજ્ઝાઓ
દુવ્વિચિંતિઓ
અણાયારો
અણિચ્છિયવ્વો
અસાવગ
પાઉગ્ગો
નાણે
તહ
દંસણે
ચરિત્તાચરિત્તે
સુએ સમાઈએ
તિણ્હં ગુત્તીણં
ચઉણ્હં કસાયાણં
પંચણ્હ મણુવ્વયાણં
તિણ્હં ગુણવ્વયાણં
ચઉણ્હં સિક્ખાવયાણં
બારસ વિહસ્સ
સાવગ ધમ્મસ્સ
જં ખંડિયં જં વિરાહિયં
તસ્સ મિચ્છામિ દુક્કડં.

× યથાકાળ પ્રતિક્રમણમાં (૧) 'રાઈઓ' (૨) 'પક્ખિઓ' (૩) 'ચાઉમ્માસિઓ' અને (૪) 'સંવચ્છરિઓ' બોલવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તસ્સ ઉત્તરી સૂત્ર

તસ્સ ઉત્તરી કરણેણં
પાયચ્છિત્ત કરણેણં
વિસોહિ કરણેણં
વિસલ્લી કરણેણં
પાવાણં કમ્માણં
નિગ્ઘાયણટ્ઠાએ
ઠામિ
કાઉસગ્ગં
અન્નત્થ
ઊસસિએણં
નિસસિએણં
ખાસિએણં
છીએણં
જંભાઇએણં
ઉડ્ડુએણં
વાયનિસગ્ગેણં
ભમલીએ
પિત્તમુચ્છાએ
સુહુમેહિં અંગ સંચાલેહિં
સુહુમેહિં ખેલ સંચાલેહિં
સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં
એવમાઇ એહિં આગારેહિં
અભગ્ગો
અવિરાહિઓ
હુજ્જ મે
કાઉસગ્ગો
જાવ
અરિહંતાણં
ભગવંતાણં
નમોક્કારેણં
ન પારેમિ
તાવ
કાયં
ઠાણેણં
મોણેણં
ઝાણેણં
અપ્પાણં
વોસિરામિ

(વિધિ : નીચે મુજબ ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ
અથવા ૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાઠ ૩૬ : ધર્મધ્યાનનો કાઉસગ્ગ

સે કિં તં ધમ્મજઝાણએ ?
ધમ્મજઝાણે ચઉવ્વિહે
ચઉપ્પડોયારે
પન્નત્તે - તં જહા
આણા વિજએ
અવાય વિજએ
વિવાગ વિજએ
સંઠાણ વિજએ
ધમ્મસ્સણં ઝાણસ્સ
ચત્તારિ લક્ખણા
પન્નત્તા - તં જહા
આણા રુઈ
નિસ્સગ્ગ રુઈ
ઉવસેઈ રુઈ
સુત્ત રુઈ

ધમ્મસ્સણં ઝાણસ્સ
ચત્તારિ આલંબણા
પન્નત્તા - તં જહા
વાયણા
પુચ્છણા
પરિયટ્ટણા
ધમ્મકહા
ધમ્મસ્સણં ઝાણસ્સ
ચત્તારિ અણુપ્પેહાઓ
પન્નત્તાઓ - તં જહા
એગચ્ચાણુપ્પેહા
અણિચ્ચાણુપ્પેહા
અસરણાણુપ્પેહા
સંસારાણુપ્પેહા

આ ધર્મધ્યાનનો સૂત્ર પાઠ કહ્યો. હવે તેનો અર્થ કહે છે.

## ધર્મધ્યાનના પહેલા ચાર ભેદ

(૧) આણા વિજએ
(૨) અવાય વિજએ
(૩) વિવાગ વિજએ
(૪) સંઠાણ વિજએ

પહેલો ભેદ આણા વિજએ - આણા વિજએ કહેતાં વીતરાગદેવની આજ્ઞાનો વિચાર ચિંતવવો. વીતરાગદેવની આજ્ઞા એવી છે કે - સમકિત સહિત શ્રાવકનાં બાર વ્રત, અગિયાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડિમા, સાધુજીનાં પાંચ મહાવ્રત તથા બાર ભિક્ષુની પડિમા. શુભ ધ્યાન, શુભ જોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને છકાય જીવની રક્ષા એ વીતરાગદેવની આજ્ઞા આરાધવી. તેમાં સમય માત્રનો પ્રમાદ ન કરવો. ચતુર્વિધ સંઘના ગુણકીર્તન કરવાં. આ ધર્મધ્યાનનો પહેલો ભેદ કહ્યો.

બીજો ભેદ અવાય વિજએ - અવાય વિજએ કહેતાં - જીવ સંસારમાં દુઃખ શા માટે ભોગવે છે ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે - મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ, અઢાર પાપ સ્થાનક અને છકાય જીવની હિંસા, એથી કરીને જીવ દુઃખ પામે છે. માટે એવું દુઃખનું કારણ જાણી, એવો આશ્રવ માર્ગ ત્યાગી, સંવર માર્ગ આદરવો. જેથી જીવ દુઃખ ન પામે. આ ધર્મધ્યાનનો બીજો ભેદ કહ્યો.

ત્રીજો ભેદ વિવાગ વિજએ - વિવાગ વિજએ કહેતાં - જીવ સંસારમાં સુખ અને દુઃખ ભોગવે છે તે શા થકી ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે - જીવે જેવે રસે કરી પૂર્વે જેવાં શુભાશુભ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ ઉપાર્જન કર્યા છે, તે શુભાશુભ કર્મના ઉદયથી, જીવ તે પ્રમાણે સુખ અને દુઃખ અનુભવે છે. તે અનુભવતાં થકા કોઈ ઉપર રાગ-દ્વેષ ન આણી, સમતા ભાવ રાખી, મન, વચન, કાયાના શુભ યોગ સહિત શ્રી જૈન ધર્મને વિશે પ્રવર્તીએ. જેથી નિરાબાધ પરમસુખને પામીએ. આ ધર્મધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો.

ચોથો ભેદ સંઠાણ વિજએ - સંઠાણ વિજએ કહેતાં - ત્રણ લોકના આકારનો વિચાર ચિંતવવો. ત્રણ લોકના આકારનું સ્વરૂપ સુપઈઠીક(=સરાવલા)ને આકારે છે. લોક જીવઅજીવથી સંપૂર્ણ ભર્યો છે. મધ્યભાગે અસંખ્યાતા જોજનની


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રોડા-ક્રોડી પ્રમાણ તિર્ચ્છો લોક છે. તેમાં અસંખ્યાતા દ્વીપ-સમુદ્ર છે. અસંખ્યાતા વાણવ્યંતરનાં નગરો છે. અસંખ્યાતા જ્યોતિષીનાં વિમાનો છે તથા અસંખ્યાતી દેવતાની રાજધાનીઓ છે. તેને મધ્યભાગે અઢીદ્વીપ છે. તેમાં જઘન્ય તીર્થંકર વીસ અને ઉત્કૃષ્ટ હોય, તો ૧૬૦ અથવા ૧૭૦, જઘન્ય બે ક્રોડ કેવલી અને ઉત્કૃષ્ટ હોય, તો નવ ક્રોડ કેવલી તથા જઘન્ય બે હજાર ક્રોડ સાધુ-સાધ્વી અને ઉત્કૃષ્ટ હોય તો નવ હજાર ક્રોડ સાધુ-સાધ્વી તેમને વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ, તેમજ તિર્ચ્છાલોકમાં અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકાઓ છે તેમના ગુણગ્રામ કરવા.

તિર્ચ્છાલોકથી અસંખ્યાત ગુણો અધિક (મોટો) ઊર્ધ્વ લોક છે. તેમાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન છે. તે સર્વમાં મળીને કુલ ચોરાશી લાખ, સત્તાણું હજાર, ત્રેવીસ (૮૪,૯૭,૦૨૩) વિમાનો છે. તે ઉપર લોકાગ્રે સિદ્ધક્ષેત્ર છે. ત્યાં સિદ્ધ ભગવંતજી નિરંજન, નિરાકાર બિરાજી રહ્યા છે. તેમને વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલં, દેવયં, ચેઈયં, પજ્જુવાસામિ.

તે ઊર્ધ્વલોકથી કાંઈક વિશેષ અધિક (મોટો) અધોલોક છે. તેમાં સાત નરકના ચોરાશી લાખ નરકાવાસા છે. સાત કરોડ બોંતેર લાખ ભવનપતિનાં ભવનો છે.

એવા ત્રણે લોકનાં સર્વ સ્થાનોમાં (પાંચ અનુત્તર વિમાનના દેવો સિવાય) સમકિત કરણી વિના આ જીવે અનંતી અનંતીવાર જન્મ-મરણે કરી સ્પર્શી મૂક્યા છે, તો પણ આ જીવનો પાર આવ્યો નહિ. એવું જાણી સમકિત સહિત શ્રુત (જ્ઞાન, દર્શન) અને ચારિત્ર ધર્મની આરાધના કરવી. જેથી અજર, અમર, નિરાબાધ પરમ સુખને પામીએ. આ ધર્મધ્યાનનો ચોથો ભેદ કહ્યો. ઈતિ ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ સંપૂર્ણ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મધ્યાનના કાઉસ્સગ્ગમાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. કાઉસ્સગ્ગ પૂરો થતાં પારું છું. નમો અરિહંતાણં...)

(વિધિ : અહીં કાઉસ્સગ્ગ પારીને સામાયિક સૂત્રનો પાંચમો પાઠ 'લોગસ્સ સૂત્ર' કાવ્ય રૂપે બોલીને તીર્થંકરોનાં ગુણકીર્તન કરવાં.)

## લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી (૧)

ઉસભમજિયં ચ વંદે, સંભવ મભિનંદણં ચ સુમઈં ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. (૨)

સુવિહિં ચ પુપ્ફદંતં, સીયલ-સિજ્જંસ-વાસુપુજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. (૩)

કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. (૪)

એવં મએ અભિથુઆ, વિહુય રય-મલા પહીણ જર-મરણા;
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (૫)

કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગ બોહિલાભં, સમાહિ વર મુત્તમં દિંતુ. (૬)

ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગર વર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (૭)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઇચ્છામિ ખમાસમણો...

(વિધિ : આ પાઠ ઉભડક આસને બે વાર બોલવો.)

ઈચ્છામિ
ખમાસમણો !
વંદિઉં
જાવણિજ્જાએ
નિસીહિયાએ
અણુજાણહ
મે મિઉગ્ગહં
નિસીહિ
અહો કાયં
કાયસંફાસં
ખમણિજ્જો
ભે !
કિલામો
અપ્પ કિલંતાણં
બહુ સુભેણં - ભે
દિવસો★
વઈક્કંતો ?
જત્તા ભે ?
જવણિજ્જં
ચ ભે ?
ખામેમિ

ખમાસમણો
દેવસિયં×
વઈક્કમં
આવસ્સિયાએ
પડિક્કમામિ
ખમાસમણાણં
દેવસિયાએ*
આસાયણાએ
તિત્તીસન્નયરાએ
જં કિંચિ
મિચ્છાએ
મણ દુક્કડાએ
વય દુક્કડાએ
કાય દુક્કડાએ
કોહાએ માણાએ
માયાએ લોહાએ
સવ્વ કાલિયાએ
સવ્વમિચ્છોવયારાએ
સવ્વ ધમ્માઈક્કમણાએ
આસાયણાએ
જો મે

★ યથાકાળ પ્રતિક્રમણમાં (૧) 'રાઈ વઈક્કંતા' (૨) 'પક્ખો વઈક્કંતો' (૩) 'ચાઉમ્માસિઓ વઈક્કંતો' (૪) 'સંવચ્છરો વઈક્કંતો' બોલવું.

× યથાકાળ પ્રતિક્રમણમાં (૧) રાઈયં (૨) પક્ખિયં (૩) ચાઉમ્માસિયં અને (૪) સંવચ્છરિયં બોલવું.

* પ્રતિક્રમણમાં 'રાઈયાએ' 'પક્ખિયાએ' 'ચાઉમ્માસિયાએ' 'સંવચ્છરિયાએ' બોલવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| દેવસિઓ+ | પડિક્કમામિ |
| અઈયારો | નિંદામિ |
| કઓ | ગરિહામિ |
| તસ્સ | અપ્પાણં વોસિરામિ. |
| ખમાસમણો ! | |

**સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસંથો બે, વંદના ત્રણ, પ્રતિક્રમણ ચાર અને કાઉસ્સગ્ગ પાંચ. આ પાંચે આવશ્યક પૂરાં થયા. એને વિશે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર ઓછું અધિક વિપરીત ભણાયું હોય તો અરિહંત અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## છઠ્ઠો પચ્ચક્ખાણ આવશ્યક

**(વિધિ :** પૂજ્ય સાધુ-સાધ્વીજીઓ બિરાજતાં હોય તો સવિધિ ત્રણ વંદના કરવી અને 'પચ્ચક્ખાણ ફરમાવશોજી' એમ વિનંતિ કરવી અને પચ્ચક્ખાણ કરવા. પૂ. સાધુ-સાધ્વીજી બિરાજતાં ન હોય તો વડીલ શ્રાવકજીને વિનંતિ કરવી અને કોઈ ન હોય તો પોતાની જાતે નીચે મુજબ પ્રત્યાખ્યાનનો પાઠ બોલી પચ્ચક્ખાણ કરવા.)

## પાઠ ૩૭ : ચૌવિહાર પચ્ચક્ખાણ સૂત્ર

**ધારણા પ્રમાણે ચઉવ્વિહંપિ આહારં પચ્ચક્ખામિ-**

**અસણં, પાણં, ખાઈમં, સાઈમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં અપ્પાણં વોસિરામિ.**

## પાઠ ૩૮ : પ્રતિક્રમણ સમાપ્તિ સૂત્ર

**સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસંથો બે, વંદના ત્રણ, પ્રતિક્રમણ ચાર, કાઉસ્સગ્ગ પાંચ અને છઠ્ઠા કર્યા પચ્ચક્ખાણ.**

+ યથાકાળ પ્રતિક્રમણમાં (૧) રાઈઓ (૨) પક્ખિઓ (૩) ચાઉમ્માસિઓ અને (૪) સંવચ્છરિઓ બોલવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ છએ આવશ્યક પૂરાં થયા એને વિશે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અવ્રતનું પ્રતિક્રમણ, પ્રમાદનું પ્રતિક્રમણ, કષાયનું પ્રતિક્રમણ, અશુભ યોગનું પ્રતિક્રમણ - આ સર્વ મળી ૮૨ બોલનું પ્રતિક્રમણ. એને વિશે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર, જાણતાં-અજાણતાં મન, વચન, કાયાએ કરી જે કોઈ પાપ - દોષ લાગ્યો હોય, તો અરિહંત, અનંત, સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાન કાળનો સંવર અને આવતા કાળનાં પચ્ચક્ખાણ. એને વિશે જે કોઈ પાપ-દોષ લાગ્યો હોય, તો અરિહંત અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા.
સાચાની શ્રદ્ધા, ખોટાનું વારંવાર મિચ્છામિ દુક્કડં.
દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રન્થ, કેવલી ભાષિત દયામય ધર્મ.
આ ત્રણ તત્ત્વ સાર, સંસાર અસાર.

ભગવંત ! આપનો માર્ગ સત્ય છે.
તમેવ સચ્ચં ! તમેવ સચ્ચં !
કરેમિ મંગલં મહામંગલં, થવ થુઈ મંગલં.

(વિધિ : અહીં ત્રણ 'નમોત્થુણં' બોલવા.)

## નમોત્થુણં સૂત્ર

**(વિધિ :** ડાબો ગોઠણ ઊભો રાખી, જમણો ગોઠણ ધરતી ઉપર રાખી બંને હાથ જોડીને, મસ્તકે અંજલિ કરીને ત્રણ 'નમોત્થુણં' કહેવા.)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પહેલું નમોત્થુણં શ્રી સિદ્ધ ભગવંતોને કરું છું

નમોત્થુણં
અરિહંતાણં
ભગવંતાણં
આઈગરાણં
તિત્થયરાણં
સયં-સંબુદ્ધાણં
પુરિસુત્તમાણં
પુરિસસીહાણં
પુરિસવર પુંડરિયાણં
પુરિસવર ગંધ હત્થીણં
લોગુત્તમાણં
લોગ નાહાણં
લોગ હિયાણં
લોગ પઈવાણં
લોગ પજ્જોયગરાણં
અભય દયાણં
ચક્ખુ દયાણં
મગ્ગ દયાણં
સરણ દયાણં
જીવ દયાણં
બોહિ દયાણં
ધમ્મ દયાણં
ધમ્મ દેસયાણં
ધમ્મ નાયગાણં
ધમ્મ સારહીણં
ધમ્મવર ચાઉરંત
ચક્કવટ્ટીણં
દીવો તાણં
સરણ ગઈ
પઈટ્ઠાણં
અપ્પડિહય
વર નાણ
દંસણ ધરાણં
વિયટ્ટ છઉમાણં
જિણાણં
જાવયાણં
તિન્નાણં
તારયાણં
બુદ્ધાણં
બોહયાણં
મુત્તાણં
મોયગાણં
સવ્વન્નૂણં
સવ્વદરિસીણં
સિવ
મયલ
મરુય
મણંત
મક્ખય
મવ્વાબાહ
મપુણરાવિત્તિ
સિદ્ધિગઈ નામધેયં
ઠાણં સંપત્તાણં
નમો જિણાણં
જિય ભયાણં.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## બીજું નમોત્થુણં

**બીજું નમોત્થુણં શ્રી અરિહંત દેવોને કરું છું**

**નમોત્થુણં અરિહંતાણં જાવ... સિદ્ધિ ગઈ નામધેયં** (સુધી પાઠ બોલવો પછી...) **ઠાણં સંપાવિઉ કામાણં, નમોજિણાણં જિયભયાણં.**

## ત્રીજું નમોત્થુણં

**ત્રીજું નમોત્થુણં મારા (તમારા) ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, સમ્યક્ત્વરૂપી બોધિબીજના દાતાર, જિનશાસનના શણગાર એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન જે જે સાધુ-સાધ્વીજીઓ વીતરાગદેવની આજ્ઞામાં જ્યાં જ્યાં વિચરતાં હોય, ત્યાં ત્યાં તેઓને મારી (તમારી) સમય સમયની વંદના હોજો.**

**(વિધિ** : નીચેનો પાઠ ત્રણ વાર બોલવો.)

**તિક્ખુત્તો આયાહિણં પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ.**

**નમો અરિહંતાણં નમો સિદ્ધાણં નમો આયરિયાણં નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વસાહૂણં.**

**(પ્રતિક્રમણ સૂત્ર અર્થ અને વિધિ સહિત સમાપ્ત)**

## હું છું આતમા... પરમાતમા (ધૂન)

હું છું આતમા પરમાતમા, હું છું આનંદનું (૩) ધામ...
હું છું આતમા...
દેહ મારો નથી હું પણ દેહનો નથી...
અવિનાશી અરૂપી મારો આત્મા... હું છું આતમા...
મારો જન્મ નથી મારું મૃત્યુ નથી...
સહજાનંદી શુદ્ધ સ્વરૂપી મારો આત્મા... હું છું આતમા...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રાવક ભાવ પ્રતિક્રમણ

**(ગોંડલ સંપ્રદાયના સ્વ. આચાર્ય પૂ. પુરુષોત્તમજી મ.સા.)**

ભાવ પ્રતિક્રમણ એટલે કરેલા અનંતા ભવોના પાપનો પશ્ચાત્તાપ.

**"હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે**
**પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે"**

**- કલાપી**

(૧) અહો પરમ કૃપાળુ ગુરુદેવો - વીસ તીર્થંકર પ્રભુજી તથા અનંતા સિદ્ધ પ્રભુજી ! મારા આત્માનું સ્વરૂપ છે. **અણાહારક** (એટલે આહાર રહિત), છતાં મારા આત્માએ સચેત, અચેત અને મિશ્ર આહાર કરી, ચીકણાં ગાઢાં કર્મ, આ ભવ આશ્રી, પરભવ આશ્રી, અનંતા ભવ આશ્રી, ઉપાર્જન કર્યા છે. તે અજ્ઞાની આત્માને કરોડોવાર ધિક્કાર !!! જે દિવસે આપના જેવું અણાહારક સ્વરૂપ પ્રગટ કરીશ, તે દિવસ ધન્ય થશે !

(૨) વીસ તીર્થંકર પ્રભુજી ! મારા આત્માનું સ્વરૂપ છે - **અનારંભી,** (આરંભ-રહિત), છતાં મારા આત્માએ સંરંભ, સમારંભ અને આરંભ કરી, કરાવી, અનુમોદના કરી, ચીકણાં-ગાઢાં કર્મ, આ ભવ આશ્રી, પરભવ આશ્રી, અનંતા ભવ આશ્રી, ઉપાર્જન કર્યાં, તે અજ્ઞાની આત્માને કરોડોવાર ધિક્કાર... !! આપના જેવું અનારંભી, સ્વરૂપ પ્રગટ કરવાની મને ભવોભવ શક્તિ આપો. જે દિવસે આપના જેવું અનારંભી સ્વરૂપ પ્રગટ કરીશ, તે દિવસ ધન્ય થશે !

(૩) વીસ તીર્થંકર પ્રભુજી ! મારા આત્માનું સ્વરૂપ છે -**અકષાય** (ક્રોધ-રહિત), છતાં મારા આત્માએ વિભાવ દશામાં જઈને ક્રોધ કષાય, માન કષાય, માયા કષાય અને લોભ કષાયનું સેવન કરી, રાગદ્વેષ કરી, ચીકણાં ગાઢાં કર્મ આ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવ આશ્રી, પરભવ આશ્રી, અનંતા ભવ આશ્રી ઉપાર્જન કર્યાં છે. જે દિવસે આપના જેવો સ્વરૂપ ક્ષમાનો ગુણ, નિશ્ચય ક્ષમાનો ગુણ પ્રગટ થશે, તે દિવસ ધન્ય થશે !

(૪) વીસ તીર્થંકર પ્રભુજી ! મારા આત્માનું સ્વરૂપ છે - **અહિંસક**, છતાં મારા આત્માએ ત્રસજીવો (બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય) અને સ્થાવર જીવો (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ) મારા શરીરના પોષણ માટે મારા આત્માએ જ્યાં જ્યાં જન્મ મરણના ફેરા ફર્યા, ત્યાં ત્યાં બધા જીવોના કૂટો કાઢી નાખ્યો છે, તે મૂઢ આત્માને કરોડોવાર ધિક્કાર...!!! અનંત ભવમાં જીવમાત્રની દયા પાળી નથી. આપના જેવું અહિંસક સ્વરૂપ પ્રગટ થશે, તે દિવસ ધન્ય થશે !

(૫) વીસ તીર્થંકર પ્રભુજી ! મારા આત્માનું સ્વરૂપ છે **અભાષક** (મૌન), છતાં મારા આત્માએ કર્કશકારી (કાંકરાના પ્રહારસ સમાન) કઠોરકારી (પથ્થરના પ્રહાર સમાન), છેદકારી (તલવારના પ્રહાર સમાન), ભેદકારી (ભાલાના પ્રહાર સમાન), વેરકારી, વિરોધકારી, નિશ્ચયકારી, સાવદ્યકારી અને પરને પીડાકારી ભાષા બોલી, આ ભવ આશ્રી, પરભવ આશ્રી, અનંતા ભવ આશ્રી, ચીકણાં ગાઢાં કર્મ ઉપાર્જન કર્યાં છે. તે દુષ્ટ આત્માને કરોડોવાર ધિક્કાર...!!! આપના જેવું અભાષક સ્વરૂપ પ્રગટ થશે, તે દિવસ ધન્ય થશે ! સત્ય અને વ્યવહાર ભાષા બોલવાનું મને જ્ઞાન આપો !

(૬) વીસ તીર્થંકર પ્રભુજી ! મારા આત્માનું સ્વરૂપ છે **અચૌર્ય** (ચોરી રહિત), છતાં મારા આત્માએ જીવ અદત્ત, સ્વામી અદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરુ અદત્ત , ચોરી કરી, કરાવી, અનુમોદના કરી, ચીકણાં ગાઢાં કર્મ ઉપાર્જન કર્યાં છે. તે આત્માને કરોડોવાર ધિક્કાર...!!! આપના જેવું અચૌર્ય સ્વરૂપ પ્રગટ કરવાની શક્તિ આપો.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) વીસ તીર્થંકર પ્રભુજી ! મારા આત્માનું સ્વરૂપ છે **અવેદી,** છતાં મારા આત્માએ સ્ત્રીવેદમાં, પુરુષ વેદમાં, નપુંસક વેદમાં દૃષ્ટિથી, પોશાકથી, ખોરાકથી અને ભાષાથી, મન-વચન-કાયાના યોગોથી એ સાત પ્રકારે અબ્રહ્મનું સેવન કરી, કરાવી, અનુમોદના કરી ચીકણાં ગાઢાં કર્મ ઉપાર્જન કર્યાં છે. તે વિષયાંધ આત્માને કરોડોવાર ધિક્કાર...!!! આપના જેવું અવેદી, નિર્વિકારી સ્વરૂપ પ્રગટ કરવાની મને ભવોભવ શક્તિ આપો. મારા આત્માનું આપના જેવું અવેદી સ્વરૂપ પ્રગટ થશે, તે દિવસ ધન્ય થશે !

(૮) વીસ તીર્થંકર પ્રભુજી ! મારા આત્માનું સ્વરૂપ છે **અપરિગ્રહ** છતાં મારા આત્માએ સચેત, અચેત અને મિશ્ર પરિગ્રહ ભેગો કરી, કરાવી, અનુમોદના કરી, ચીકણાં ગાઢાં કર્મ ઉપાર્જન કર્યાં છે. તે આત્માને કરોડોવાર ધિક્કાર...!!! બાહ્ય પરિગ્રહ નવ પ્રકારનો અને આભ્યંતર પરિગ્રહ ચૌદ પ્રકારનો છોડવાની મને શક્તિ આપો.

(૯) અઢાર પાપસ્થાનક, પચ્ચીસ પ્રકારનું મિથ્યાત્વ અને ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ જીવોની વિરાધના સંબંધી કોઈ પ્રકારનું પાપ લાગ્યું હોય, તો અરિહંત, સિદ્ધ, કેવલી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

(૧૦) ૮૪ લાખ જીવા યોનિના જીવોને, હાલતાં, ચાલતાં ઊઠતાં-બેસતાં, છેદ્યા હોય, ભેદ્યા હોય, પરિતાપના કિલામના ઉપજાવી હોય, તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

(૧૧) હું જગતના સર્વ જીવોને ખમાવું છું. જગતના સર્વ જીવો મારા અપરાધ માફ કરો. બધા જીવો સાથે મારે મિત્રતા છે, કોઈની સાથે વેર નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ક્ષ...મા...પ...ના...

ખમાવું બધા જીવને આજ પ્રીતે
ખમો તે બધા મુજને સર્વ રીતે... ૧

બધા જીવમાં મિત્રતાને પ્રસારું
નથી કોઈ સાથે હવે વેર મારું... ૨

બધાં વિશ્વનું થાઓ કલ્યાણ આજે
બનો સજ્જ સહુ પારકા હિત કાજે... ૩

બધાં દૂષણો સર્વથા નાશ પામો
જનો સર્વ રીતે સુખો માંહી જામો... ૪

## જય કરનારા જિનવરા...

જય કરનારા જિનવરા, દુઃખ હરનારા દેવ
પાઠ પઢું પહેલો પ્રભુ, નમન તણો નિત મેવ... ૧

પ્રથમ નમું અરિહંતને, બીજા સિદ્ધ ભગવંત
ત્રીજા શ્રી આચાર્યને, નમું તજી દઈ તંત... ૨

ઉપાધ્યાય ઉપકારિયા, જ્ઞાન તણા દાતાર
નમન કરું નિર્મળ થવા, ભવજલ તારણહાર... ૩

સાધુ સુંદર લોકમાં, સાધવીઓ શણગાર
સઘળાંનો સ્નોહે હજો, વંદન વારંવાર... ૪

નમસ્કાર પદ પાંચ છે, પાપ તણાં હરનાર
સર્વ જગતના કામમાં, મંગલના કરનાર... ૫

## અંતર ભાવના

પ્રતિમાસે કરે દાન, જે દશ લાખ ગાયનું
તેનાથી સંયમી શ્રેષ્ઠ, ભલે આપે ન તે કશું...

છૂટું પીછલા પાપથી, નવા ન બાંધું કોય
શ્રી ગુરુદેવ પ્રસાદથી, સફળ મનોરથ હોય...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રાવક પચ્ચક્ખાણ આવશ્યક

## (પ્રત્યાખ્યાન લેવા - પારવાની વિધિ)

પ્રત્યાખ્યાનનો સૌથી મોટો લાભ એ છે કે - મનની તૃષ્ણાજન્ય ચંચળતા સમાપ્ત થઈ જાય છે, અને સાધક આત્મસંતોષી બની શકે છે.

(૧) નવકારશી - ઉગ્ગએ સૂરે નમોક્કાર સહિયં પચ્ચક્ખામિ. ચઉવ્વિહંપિ આહારં, અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગરેણં અપ્પાણં વોસિરામિ.

(૨) પોરિસિં - પોરિસિં પચ્ચક્ખામિ. ચઉવ્વિહં પિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાધુવયણેણં સવ્વસમાહિવત્તિયાગારેણં અપ્પાણં વોસિરામિ.

(૩) એકાસણું - એગાસણં પચ્ચક્ખામિ. તિવિહંપિ આહારં અસણં ખાઈમં, સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં સાગારિયાગારેણં આઉટણ-પસારેણં ગુરુ અબ્ભુટ્ઠાણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં અપ્પાણં વોસિરામિ.

(૪) આયંબિલ - આયંબિલવિહં પચ્ચક્ખામિ - અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવણં - ઉક્ખિત્તવિવેગણં, ગિહત્થસંસટ્ઠેણં, મહત્તરાગેણં સવ્વમાહિવત્તિગારેણં અપ્પાણં વોસિરામિ.

(૫) ઉપવાસ - ઉગ્ગએ સૂરે, અભત્તટ્ઠં પચ્ચક્ખામિ ચઉવ્વિહંપિ આહારં, અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં અપ્પાણં વોસિરામિ.

(Note : તિવિહાર ઉપવાસ કરનારે ઉપરના પાઠમાં 'પાણં' શબ્દ બોલવો નહિ, બે ઉપવાસ માટે 'અભત્તટ્ઠં'ના બદલે 'છટ્ઠભત્તં', ત્રણ માટે જેટલા ઉપવાસ હોય તેમાં બે ઉમેરવા. જેમ કે - અટ્ઠાઈ હોય તો 'અટ્ઠારસભત્તં', ૧૧ ઉપવાસ હોય તો 'ચૌવીસભત્તં' આ રીતે પાઠ બોલવો.)

(૬) કોઈ પણ નિયમ ધારવાનો પ્રત્યાખ્યાન પાઠ - કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવો હોય, જેમ કે - દારૂ, માંસ, ઈંડા વગેરેના પચ્ચક્ખાણ કરવા હોય તો ઈશાન કોણમાં ત્રણ વંદના કરી આ રીતે પાઠ બોલવો. સમય મર્યાદા નક્કી કરી લેવી. "ઉપયોગ સહિત પચ્ચક્ખાણ તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ."

(૭) ગ્રહણ કરેલા પ્રત્યાખ્યાન પારવાની વિધિ - જે વ્રત નિયમ કે તપ કરેલ હોય તેનું નામ લઈને અર્થાત્, ચૌવિહાર કરેલ હોય તો તે પારું છું. તેમાં સમ્મંકાએણં, ન ફાસિયં, ન પાલિયં, ન તીરિયં, ન કિત્તિયં, ન સોહિયં ન આરાહિયં આણાએ અણુપાલિયં ન ભવઇ તસ્સ મિચ્છામિ દુક્કડં. ત્રણવાર નવકારમંત્ર ગણવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા. પ્રેરિત સાહિત્ય

| | |
|---|---|
| * જૈન રામાયણ | Rs. 75/- |
| * કંકણનો બોધ આત્માની શોધ (નમિરાજર્ષિ વ્યાખ્યાન સંગ્રહ) | Rs. 75/- |
| * સમ્યક્ સોપાન બનાવે ભગવાન (વ્યાખ્યાન સંગ્રહ) | Rs. 75/- |
| * કેશી ગૌતમ બોધ પ્રબોધ (વ્યાખ્યાન સંગ્રહ) | Rs. 75/- |
| * મોક્ષ મારી હથેળીમાં (વ્યાખ્યાન સંગ્રહ) | Rs. 75/- |
| * પરમ કલ્યાણના બોલ (વ્યાખ્યાન સંગ્રહ) | Rs. 75/- |
| * જૈન મહાભારત | Rs. 50/- |
| * SACHITRA JAIN TATTVA DARSHAN | Rs. 50/- |
| * આગમનો બોધ આત્માની શોધ (વ્યાખ્યાન સંગ્રહ) | Rs. 40/- |
| * ઉત્તરાધ્યયન સૂત્ર (મૂળપાઠ અને ભાવાર્થ) | Rs. 40/- |
| * જીવન જાગૃતિ (કેલેન્ડર) | Rs. 40/- |
| * પ્રીત કિયે દુઃખ હોય (નવકાર મંત્ર મહિમા વાર્તા) | Rs. 40/- |
| * એક રાત અનેક વાત (જંબૂકુમાર વાર્તા) | Rs. 40/- |
| * સચિત્ર જૈન તત્ત્વદર્શન ભાગ - ૧ | Rs. 40/- |
| * સચિત્ર જૈન તત્ત્વદર્શન ભાગ - ૨ (ગુણસ્થાન પ્રશ્નોત્તર) | Rs. 40/- |
| * જૈન તત્ત્વ પૃચ્છા (નવતત્ત્વના ૧૩૨૧ પ્રશ્નોત્તર) | Rs. 30/- |
| * દશવૈકાલિક સૂત્ર (મૂળપાઠ અને ભાવાર્થ) | Rs. 25/- |
| * મંથમ અને મોતી | Rs. 25/- |
| * જૈન શાસનના ૧૬ સતી રત્નો | Rs. 25/- |
| * ભગવતી સૂત્ર પ્રશ્નોત્તરમાળા ભાગ - ૧ | Rs. 20/- |
| * ભગવતી સૂત્ર પ્રશ્નોત્તરમાળા ભાગ - ૨ | Rs. 25/- |
| * ઋષભ-પાર્શ્વ પ્રશ્નાવલી | Rs. 20/- |
| * શ્રાવક આવશ્યક સૂત્ર (અર્થ, વિધિ સહિત) | Rs. 20/- |
| * શુભ સંદેશ - ૩૬૫ (સુવાક્ય) | Rs. 20/- |
| * મંગલ પ્રાર્થના (સ્તુતિ સંગ્રહ) | Rs. 20/- |
| * જૈનાગમ ૧૦૦૮ પ્રશ્નોત્તર | Rs. 15/- |
| * અંતગડ સૂત્ર પ્રશ્નોત્તર | Rs. 15/- |
| * કલ્યાણ મંદિર સ્તોત્ર (અર્થ સહિત) | Rs. 15/- |
| * જૈન તત્ત્વ સ્વરૂપ | Rs. 15/- |
| * કર્મ પ્રશ્નોત્તર | Rs. 15/- |
| * ભગવાન મહાવીર પ્રશ્નોત્તર | Rs. 15/- |
| * ભક્તામર સ્તોત્ર (શબ્દાર્થ, ભાવાર્થ સહિત) | Rs. 12/- |
| * મહાવીર સ્તુતિ - પુચ્છિસ્સુણં | Rs. 12/- |
| * ચાલો પ્રતિક્રમણ કરીએ (વિધિ સહિત) | Rs. 10/- |
| * સ્વર તુમ્હારે ગીત હમારે | Rs. 12/- |
| * મહાયોગેશ્વર ઋષભદેવ | Rs. 10/- |
| * મંગલ સ્તુતિ | Rs. 10/- |
| * સ્વર સંગીત | Rs. 10/- |
| * સમાધિની શિક્ષા | Rs. 5/- |
| * સંયમ સંજીવની | Rs. 5/- |
| * સામાયિક સૂત્ર (અર્થ સહિત) | Rs. 5/- |
| * સામાયિક સૂત્ર (ENGLISH) | Rs. 5/- |
| * આનુપૂર્વી આરાધના (પોકેટ) | Rs. 3/- |
| * ભક્તામર અને સામાયિક (પોકેટ) | Rs. 3/- |
| * સાધુવંદના - રત્નાકર પચ્ચીશી (પોકેટ) | Rs. 3/- |

**પોસ્ટેજ ચાર્જ અલગ**

**સંપર્ક : શ્રી ઈન્દ્રપ્રસ્થનગર સ્થાનકવાસી જૈન સંઘ - રાજકોટ**
૯, ઈન્દ્રપ્રસ્થનગર, હેમુગઢવી હોલ પાછળ, ન્યુ હાઉસીંગ બોર્ડ, રાજકોટ. ✆ (0281) 2227472
(M) 093289 03000 ▪ E-Mail : shasanpragati@yahoo.co.in ▪ (M) 099201 26151

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અમૃત ક્રિયા પ્રતિક્રમણ

અતિક્રમણ ઘણા કર્યા, હવે પ્રતિક્રમણ કરો.

પ્રતિક્રમણ એટલે આત્મદર્શન કરાવનાર અરીસો.

પ્રતિક્રમણ એટલે પ્રાયશ્ચિત્તની પુનિત ગંગોત્રી.

પ્રતિક્રમણ એટલે અતિચારોનું વિસર્જન.

પ્રતિક્રમણ એટલે સાધનાનું નવનીત.

પ્રતિક્રમણ એટલે જીવનશુદ્ધિની સાધના.

પ્રતિક્રમણ એટલે ભાવરોગની રામબાણ ઔષધિ.

પ્રતિક્રમણ એટલે પરમાત્માની આજ્ઞાનું આરાધન.

પ્રતિક્રમણ એટલે આત્મઘરની સાફસૂફી.

પ્રતિક્રમણ એટલે ચારે તીર્થનું રેસ્ટહાઉસ.

પ્રતિક્રમણ શ્રાવક જીવનનો વિસામો છે.

ઉભયકાળ પ્રતિક્રમણ તીર્થંકરત્વનું કારણ છે.

પ્રતિક્રમણ એટલે પરઘરમાંથી સ્વઘરમાં પ્રવેશ.

પહેલો સામાયિક આવશ્યક - હોસ્પિટલ છે.

બીજો ચઉવીસંથો આવશ્યક - સર્જન છે.

ત્રીજો વંદના આવશ્યક - આસિસ્ટંટ ડોક્ટર છે.

ચોથો પ્રતિક્રમણ આવશ્યક - ઓપરેશનની ક્રિયા છે.

પાંચમો કાઉસગ્ગ આવશ્યક - ડ્રેસીંગ છે.

છઠ્ઠો પચ્ચક્ખાણ આવશ્યક - ટેબલેટ છે.

અતિક્રમણ ટાળે, તે પ્રતિક્રમણ.

ઉજાલા કરે આદિત્ય જીવન સુધારે સાહિત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org